# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) ગોવાના અર્પોરામાં એક નાઈટક્લબમાં ગઈકાલે મોડી રાત્રે આગ સિલિન્ડર વિસ્ફોટને કારણે લાગેલી આગમાં 23 લોકોના મોત – ઘણા ઘાયલ

2) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં એક હજાર ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે લેહમાં અનેક માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

4) ભારત અને અમેરિકાએ સરહદપાર સહિત તમામ પ્રકારના આતંકવાદની સખત નિંદા કરી.

5) ભારતે દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચોની એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ શ્રેણી 2-1થી જીતી લીધી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN FIRE-GOA NIGHT CLUB

ગોવાના અર્પોરામાં એક નાઈટક્લબમાં ગઈકાલે મોડી રાત્રે લાગેલી આગમાં ત્રેવીસ લોકોના મોત થયા હતા. આગ સિલિન્ડર વિસ્ફોટને કારણે લાગી હતી.

મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે મૃતકોમાં મોટાભાગના રસોડાના કર્મચારીઓ અને ત્રણ-ચાર પ્રવાસીઓનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે 23 લોકોમાંથી ત્રણ લોકો દાઝી જવાથી અને બાકીના લોકો ગૂંગળામણને કારણે મૃત્યુ પામ્યા છે.

ગોવાના પોલીસ મહાનિર્દેશક આલોક કુમારે જણાવ્યું હતું કે પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ વાહનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે આગ પર હવે કાબૂ મેળવી લેવામાં આવ્યો છે અને તમામ મૃતદેહો મળી આવ્યા છે. પોલીસ મહાનિર્દેશકે કહ્યું કે પોલીસ ઘટનાના કારણની તપાસ કરશે અને તારણોના આધારે કાર્યવાહી કરશે.

# PREZ PM-GOA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર ગોવામાં થયેલી આગ દુર્ઘટનાના મૃતકો માટે શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ શોક વ્યક્ત કર્યો અને આશા વ્યક્ત કરી છે કે શોકગ્રસ્ત પરિવારોને આ મુશ્કેલ સમયમાં શક્તિ મળે. રાષ્ટ્રપતિએ ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવા માટે પણ પ્રાર્થના કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટનાને ખૂબ જ દુઃખદ ગણાવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય. પ્રધાનમંત્રીએ ગોવાના મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંત સાથે પણ પરિસ્થિતિ વિશે વાત કરી અને કહ્યું કે, રાજ્ય સરકાર અસરગ્રસ્તોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડી રહી છે.

પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના નજીકના સંબંધીઓને 2 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે ઘાયલોને 50 હજાર રૂપિયા આપવામાં આવશે.

# GUJARAT - AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદ મહાનગરપાલિકાના એક હજાર 500 કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ્સમાં આવાસ, માળખાગત સુવિધાઓ અને જાહેર સુવિધાઓનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમોમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ ..

VC – અપર્ણા ખૂંટ

# DGCA-INDIGO-NOTICE

નાગરિક ઉડ્ડયન નિર્દેશાલય DGCAએ ઇન્ડિગોના મુખ્ય કાર્યકારી અધિકારી પીટર અલ્બર્સ અને એકાઉન્ટેબલ મેનેજર ઇસિડ્રો પોકયુરસરને કારણદર્શક નોટિસ ફટકારી છે, જેમાં તેમને મોટા પાયે ફ્લાઇટ રદ કરવા અંગે 24 કલાકની અંદર જવાબ આપવા જણાવ્યું છે.

ફ્લાઇટ રદ કરવાથી મુસાફરોને ભારે અસુવિધા અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. DGCA એ મંજૂર ફ્લાઇટ શેડ્યૂલ ધોરણોમાં સુધારેલી આવશ્યકતાઓને પૂરતા પ્રમાણમાં સમાયોજિત કરવામાં નિષ્ફળતાને કારણે થયેલા વિક્ષેપ માટે એરલાઇનને દોષી ઠેરવી હતી. નોટિસમાં જણાવાયું છે કે આટલી મોટી સંખ્યામાં ફ્લાઇટ્સ ચલાવવામાં નિષ્ફળતા આયોજન અને સંસાધન વ્યવસ્થાપનમાં નોંધપાત્ર ખામીઓને પ્રતિબિંબિત કરે છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ પરિસ્થિતિને ઉકેલવા માટે મંત્રાલયના અધિકારીઓ અને ઇન્ડિગોના સીઈઓ અલ્બર્સ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. ઇન્ડિગોના ફ્લાઇટ સંચાલનને સ્થગિત કરવાના કારણે મુસાફરો સતત પાંચમા દિવસે પણ અટવાઈ ગયા છે. ત્યારબાદ કેન્દ્ર સરકારે કડક ભાડા મર્યાદા લાદી, તાત્કાલિક રિફંડ ફરજિયાત બનાવ્યું અને કોઈપણ વિલંબ માટે કંપની સામે કાર્યવાહી કરવાની ધમકી આપી. ઇન્ડિગોએ ગઈકાલે 800 થી વધુ ફ્લાઇટ્સ પણ રદ કરી હતી.

# RAJNATH SINGH-LEH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે લદ્દાખના લેહ જિલ્લામાં અનેક માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે, જેમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ શ્યોક ટનલનો પણ સમાવેશ થાય છે. નવા રસ્તાઓ, પુલો અને ટનલ સહિતના આ પ્રોજેક્ટ્સ જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના વિસ્તારોનો અન્ય રાજ્યો સાથે કનેક્ટિવિટીમાં સુધારો કરશે.

પ્રધાનમંત્રી કાર્યાલયના રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ ઉદ્ઘાટન સમારોહમાં વર્ચ્યુઅલી હાજરી આપશે. રાજનાથ સિંહ સવારે સાડા દશ વાગ્યે શ્યોક ટનલનું ઉદ્ઘાટન કરશે. તેઓ બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશન દ્વારા બનાવવામાં આવેલા અન્ય ઘણા પ્રોજેક્ટ્સનું પણ વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. તેમની સાથે લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર કાવિંદર ગુપ્તા પણ રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# INDIA-US-LET-JEM

ભારત અને અમેરિકાએ સરહદપાર આતંકવાદ સહિત તમામ પ્રકારના આતંકવાદની સખત નિંદા કરી છે.

ત્રીજી ડિસેમ્બરના રોજ નવી દિલ્હીમાં 21મા ભારત-અમેરિકા સંયુક્ત કાર્યકારી જૂથ આતંકવાદ વિરોધી અને 7મા સંવાદમાં બંને દેશોએ સંયુક્ત રાષ્ટ્ર, ક્વાડ અને ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ સહિત વૈશ્વિક સ્તરે આતંકવાદ સામે સાથે મળીને કામ કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

આ બેઠકોમાં ભારતમાં તાજેતરના આતંકવાદી હુમલાઓની સખત નિંદા કરવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે તેમના ગુનેગારોને કડક સજા થવી જોઈએ. બંને પક્ષોએ ISIS, અલ-કાયદા, લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનો સામે સંયુક્ત રાષ્ટ્રના પ્રતિબંધો વધારવાની હાકલ કરી હતી. તેમણે આ સંગઠનોને ટેકો આપતી અને ભંડોળ આપતી વ્યક્તિઓ અને જૂથો સામે કડક કાર્યવાહી કરવાની પણ હાકલ કરી હતી. બેઠકોમાં બંને દેશો વચ્ચે વધતા સહકારની પણ નોંધ લેવામાં આવી હતી.

# BSF-PAK DRONES

પંજાબમાં સીમા સુરક્ષા દળ BSF એ એક ઝડપી અને સુનિયોજિત કાર્યવાહીમાં ત્રણ પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યા છે. સરહદી પંજાબમાં BSF ટુકડીએ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે ઓપરેશનમાં હેરોઈનના બે પેકેટ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

ગુપ્ત માહિતીના આધારે BSF એ ફિરોઝપુરના સાંકત્રા ગામ નજીકના ખેતરોમાં શોધખોળ દરમિયાન એક કિલોગ્રામથી વધુ હેરોઈન જપ્ત કર્યું. બાદમાં પછારિયાં ગામ નજીક DJI માવિક થ્રી ક્લાસિક ડ્રોન જપ્ત કરવામાં આવ્યું. વધુમાં BSF એ અમૃતસરના રોરાનવાલા કલાં ગામ નજીકના ખેતરમાંથી DJI માવિક થ્રી પ્રો ડ્રોન મળી આવ્યું હતું.

# CRICKET ODI- IND VS SA

ભારતે દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચની એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ શ્રેણી 2-1થી જીતી લીધી છે. વિશાખાપટ્ટનમમાં રમાયેલી ત્રીજી અને અંતિમ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને નવ વિકેટથી પરાજય આપ્યો હતો.

ભારતીય ટીમે 39 ઓવર અને પાંચ બોલમાં એક વિકેટ ગુમાવીને 271 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. યશસ્વી જયસ્વાલે સૌથી વધુ 116 રન બનાવ્યા અને વિરાટ કોહલીએ અણનમ 65 રન બનાવ્યા.

દક્ષિણ આફ્રિકા 47 ઓવર અને પાંચ બોલમાં 270 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ક્વિન્ટન ડી કોકે 106 રન અને કેપ્ટન ટેમ્બા બાવુમાએ 48 રન બનાવ્યા. ભારત તરફથી કુલદીપ યાદવ અને પ્રસિદ્ધ કૃષ્ણાએ ચાર-ચાર વિકેટ લીધી. યજમાન ટીમે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના મોટાભાગના અખબારોએ સરકાર દ્વારા હવાઈ ભાડા પર મર્યાદા લાગુ કરવામાં આવી આ સમાચાર મુખ્ય શીર્ષકમાં લીધા છે.
- ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે – ધરખમ લૂંટ બાદ વિમાન ભાડા પર કેન્દ્રની લગામ
- સંદેશનું મુખ્ય શીર્ષક છે – સરકારે એરલાઇન્સો માટે ભાડામર્યાદા બાંધી
- દિવ્ય ભાસ્કર લખે છે – સરકારી દાવો... વિમાન ભાડાની સીમા નક્કી, હકીકત.... 250 કિમીનું ભાડું રૂપિયા 44 હજારથી વધુ